


અપ્સરાસૃષ્ટિની મનોરંજક બાળવાર્તા

લખનાર : રમણલાલ નાનાલાલ શાહ, તંત્રી : બાળજીવન

સરોવરની સુંદરી

બાલજીવન પુસ્તકમાળા-પુસ્તક ૯

સરોવરની સુંદરી

પ્રો. બેનના એક અંગ્રેજી પુસ્તકના સારરૂપ
બાલોપયોગી સચિત્ર વાર્તા

: લખનાર :

રમણુલાલ નાનાલાલ શાહ, તંત્રી : બાલજીવન

: પ્રકાશક :

કસનદાસ નારણુદાસ બુકસેલર, નાણાવટ, સુરત.

સન ૧૯૩૧
સં. ૧૯૮૭

૦-૨-૦

આવૃત્તિ ૧ લી

બાલજીવન પુસ્તકમાળાનાં પુસ્તકો

(૧) વસંત .... ૦—૧—૦
(૨) સ્વામીભક્ત સુરપાળ (નાટક) ૦—૨—૦
(૩) બાલાગીતમંજરી .... ૦—૪—૦
(૪) અમારી વાર્તાઓ .... ૦—૮—૦
(૫) આનંદધારા ભાગ ૧ .... ૦—૬—૦
(૬) અમારી બીજી વાર્તાઓ ૦—૮—૦
(૭) આનંદધારા ભાગ ૨ .... ૦—૭—૦
(૮) ,, ભાગ ૩ .... ૦—૮—૦
(૯) સરોવરની સુંદરી .... ૦—૨—૦
(૧૦) આનંદધારા ભાગ ૪ .... ૦—૮—૦
(૧૧) અમારી ત્રીજી વાર્તાઓ ૦-૧૨-૦
(૧૨) આનંદકુંજ ભાગ ૧ .... ૦—૮—૦
(૧૩) ફુલમાળા ભાગ ૧ .... ૦-૧૨-૦
(૧૪) ફુલમાળા ભાગ ૨ .... ૦-૧૨-૦
(૧૫) સારી સારી વાતો .... ૦—૮—૦
(૧૬) અજિત .... ૦—૧—૦
(૧૭) બાવલાનાં પરાક્રમો .... ૧—૦—૦
(૧૮) વનરાજ .... ૦—૨—૦
(૧૯) રણચંડી .... ૦—૨—૦
(૨૦) આનંદકુંજ ભાગ ૨ ....(છપાય છે)
(૨૧) બાળકોની રંગભૂમિ ૦-૧૨-૦

મુદ્રક: નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.
મુદ્રણસ્થાન: ધી "શંકર" પ્રીન્ટીંગ પ્રેસ, ચૌટાના પુલ નજીક—સુરત.

પ્રસ્તાવના

(પહેલી આવૃત્તિમાંથી)

આ નાનકડી ચોપડીને પ્રસ્તાવના ન હોય. પણ અહીં કેટલોક ખુલાસો કરવો છે, એટલે તેને પ્રસ્તાવનાનું નામ આપ્યું છે.

બાલજીવન પુસ્તકમાળાનું આ નવમું પુસ્તક છે. આ પુસ્તક કહેવાય કે નાનકડી ચોપડી? લાગે છે તો નાને ભણે મોટા લાડવા જેવી વાત. પણ મોટા માણસના લાડુ ને નાના બાળકની મગજની ગોળીમાંય અંતર હોય છે જ ને? એટલે આ નાનકડી ચોપડી બાળકોને મન તો પુસ્તક જ ને?

અંગ્રેજીમાં પ્રૉ. બેનની લખેલી Livery of Eve નામની ચોપડીના સારરૂપ આ વાર્તા છે. શ્રી મંજુલાલ રણછોડલાલ મજમુદારે અને બીજા એક લેખકે તે વાર્તા ઉપરથી બે જૂદાં જૂદાં પુસ્તકો લખ્યાં છે. તે પછી તેનું તદ્દન નાનકડા સ્વરૂપમાં આ ત્રીજું અનુકરણ છે. આ ચોપડીની વાર્તા બાલપ્રજાના મનરંજન માટે તેમને વાંચવા ગમે એવી શૈલીમાં તૈયાર કરી છે.

Stories retold to Children એ જાતની અંગ્રેજીમાં આવી સેંકડો ચોપડીઓ બહાર પડે છે, અને તેનો લાખોની સંખ્યામાં ઉઠાવ થાય છે. આપણી ભાષામાં આવી જાતની બાલપ્રજાને માટે નાનકડી ચોપડીઓ ઓછી છે. તેનો ઉઠાવ જોઈએ એટલો થતો નથી. જેમ જેમ સાહિત્ય પ્રત્યે આપણી રૂચી વધશે તેમ તેમ આવાં પુસ્તકોનો ઉઠાવ પણ થશે ને તેથી જે ઉત્તેજન મળશે તેના પરિણામરૂપ બીજી અનેક ચોપડીઓ બહાર પડી બાલસાહિત્ય વિશેષ સમૃદ્ધ થશે.

આ દિશામાં થોડાક જ દિશાફેરની જરૂર છે. જૂદી જૂદી સંસ્થાઓ કે ન્યાતો મેળાવડા કરે છે તે પ્રસંગે, અથવા તો ગરબામાં લહાણી તરીકે બીજી અનેક નિરૂપયોગી પરદેશી ચીજો અપાય છે તેને બદલે આવી ચોપડીઓ અપાય તો તેથી બાળકોની સાહિત્ય પ્રત્યે સુરુચી વધે, તેઓ સંસ્કારી બને, અને બાલ સાહિત્યને પોષણ મળવાથી તે સમૃદ્ધ બને.

આ ઉપરાંત અંગ્રેજી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓના મુખ્ય શિક્ષકો (હેડ માસ્તરો) વિદ્યાર્થીઓને ઈનામમાં અંગ્રેજી ચોપડીઓ આપે છે તેને બદલે, અથવા તો તેની સાથે, થોડાક પ્રમાણમાં પણ આવી ચોપડીઓ ઈનામમાં આપે, તો તેથી ઉપર જણાવ્યા મુજબ ફાયદો થાય. પરદેશની કંપનીઓની અંગ્રેજી ચોપડીઓની સાથે દેશની જ સંસ્કૃતિને પોષે અને માતૃભાષા તરફ બાળકનો પ્રેમ વધી તેઓ સંસ્કારી અને સાહિત્યપ્રિય બને તેવી ગુજરાતી ચોપડીઓ આપવાથી તેટલે અંશે સાહિત્યસેવા તેઓ સાધી શકે, અને દેશના ઉદ્યોગોને અલ્પ પ્રમાણમાં પણ ઉત્તેજન મળી શકે. શિક્ષણશાસ્ત્રની સાથે અર્થશાસ્ત્ર ને સ્વદેશ પ્રેમની લાગણી તેઓ રાખે તો બહુ ફાયદો થાય.

અક્ષય તૃતીયા,–૧૯૮૩ રમણલાલ નાનાલાલ શાહ

* * * *

ઉપરની પ્રસ્તાવના પછી આ **બીજી આવૃત્તિ** માટે ખાસ કાંઇ કહેવાનું નથી. કદ ને બીબાંમાં ફેરફાર કરી ચોપડીને બાળકો માટે વિશેષ રૂચીકર કરવા સિવાય તેમાં બીજો કાંઇ ફેરફાર કર્યો નથી. વડોદરા રાજ્ય, અંગ્રેજી સરકારી કેળવણીખાતું, તથા વેસ્ટર્ન ઈન્ડીયા સ્ટેટસ એજન્સી, એ ત્રણે તરફથી આ નાનકડી ચોપડી શાળા પુસ્તકાલયો ને ઇનામ માટે મંજૂર થઈ છે.

વસંતપંચમી, સં. ૧૯૮૭ ર. ના. શાહ



આખરે નાગકન્યા અને રાજા એકઠાં થયાં (પાન ૨૧)

સરોવરની સુંદરી

એક હતું જંગલ. બહુ મોટું. ગીચ ઝાડીમાં એક રૂપાળું સરોવર હતું. એ જગ્યા એટલી બધી એકાંત હતી કે પશુ-પક્ષીની વાત તો બાજુ ઉપર રહી, પણ સૂરજનાં કિરણો પણ ત્યાં પૂરાં આવી નહોતાં શકતાં. પછી કોઈ માણસે ત્યાં પગ મૂક્યો હોય એ તો બને જ કેવી રીતે ?

એ સરોવરમાં એક સુંદર નાગકન્યા રહેતી. રૂપરૂપનો ભંડાર. પાણીના ધોધના ફીણ જેવા રૂપાળા અંગવાળી, સરવરના ઝાડ સરખી સીધી, એ રૂપસુંદરીના જેવું રૂપ ભગવાને જગતમાં બીજા કોઇને કદી આપ્યું નહોતું, અને આપશે પણ નહિ.

સરોવર હતું તો નાનકડું, પણ અંદર પાણી અફાટ હતું. એ સરોવરમાં ઠેઠ પાતાળના પાણી આવતાં. એ કારણથી જ એ કન્યા ત્યાં રહેતી હતી.

તે નાગકન્યા હતી. નાગલોકના રાજાની એકપૂરી લાડકી દીકરી. પાતાળમાંથી એ સરોવરમાં થઈ તે બહાર આવતી. મનમાં આવે તેમ સરોવરના તીરે એ એકાંત જગામાં રમી ભમીને મોજમજા કરતી હતી. તેનું નામ હતું અપરાજિતા.

(૨)

એ જંગલને છેક છેડે એક વિશાળ નગર હતું. તે નગરમાં એક હજામ હતો. ભગવાને જેમ અપરાજિતાને નવરાશની વેળાએ રૂપરૂપના અંબાર સરખી ઘડી હતી, તેનો જાણે તદ્દન ઉલટો નમૂનો દુનિયામાં રજુ કરવાનો હોય તેમ એ હજામને ખૂબખૂબ બેડોળ બનાવ્યો હતો. બેડોળ ને બદસૂરત માણસ તો ઘણા ય હશે. પણ જો દુનિયાના સૌથી બેડોળમાં બેડોળ અને તદ્દન ખરાબમાં ખરાબ દેખાવના માણસોનું પ્રદર્શન ભર્યું હોય તો તેમાં પહેલું ઈનામ આપણા આ કુબડા હજામભાઈ જીતી જાય !

અને એમ છતાં શી ખુબી કે એ કુબડા હજામનું નામ તો રૂપાળું ને મોં ભરાઈ જાય એવું હતું ! તમે શું ધારો છો ? તેનું નામ હતું કામરૂપ. જાણે પેટમાં પાશેર પાણી નહિ ને નામ જુઓ તો દરિયાખાં ! પણ એમ છતાં આખું ગામ તેને કુબડો હજામ કહીને બોલાવતું.

ગામની સ્ત્રીઓ આ કુબડાને નજરે જોતાં જ મોટે અવાજે હસી પડતીઃ 'કુબડો હજામ ! કુબડો હજામ' કહીને તેને ખૂબ ચીડવતી. કદી પણ કોઈ સ્ત્રીએ કામરૂપ તરફ મશ્કરી કર્યાવગર જોયું હોય એમ તેને યાદ નહોતું.

આખરે કામરૂપ ખૂબ કંટાળ્યો. એ તે કાંઈ જીવતર છે ? તે વિચાર કરવા લાગ્યો કે જગતમાં આવું લજામણું શરીર

સહુને જીવ્યા તેમાં ય શું ને મુઆ તેમાં ય શું ? જ્યાં જ્યાં નજર કરૂં ત્યાંથી મારે માટે અપમાન, ઠઠ્ઠા મશ્કરી, અને તિરસ્કાર વગર બીજું કાંઇ જ જણાતું નથી. એનાથી તો મોત ભલું. બીજું કશું નહિ તો આ કંગાલ શરીરમાંથી તો છૂટીશ ? બાકી આમ જીવવું એ તો મોતથી પણ ભૂંડું.

આવો વિચાર કરી હજામ મરવાને માટે નીકળ્યો. ગામ નજીક મરી જાય તો અપકીર્તિ થાય એ બીકે પેલા ગાઢા જંગલમાં પેઠો. એની એવી ધારણા હતી કે જંગલમાં કોઈ જનાવર ફાડી ખાશે એટલે આપણો ફેંસલો થઈ જશે.

પણ એમ મોત માગ્યાં કોઇને કદી મળ્યાં છે ? તે જંગલમાં ખૂબ આગળ ને આગળ ચાલ્યો. પણ કોઈ જનાવરે તેને ફાડી ન ખાધો. ખૂબ આગળ જતાં ઝાડી વધુ ગીચ ને ગીચ થતી ગઈ. આખરે તે ખૂબ દૂર નીકળી આવ્યો.

થોડેક દૂર અપરાજિતા રહેતી હતી તે સુંદર સરોવર નજરે પડયું. તે થાક ને તરસથી અધમુઓ થઈ ગયો હતો. સરોવરને કાંઠે જઈ તે પાણી પીવા મંડયો. પાણી પી તેણે આંખ આમ તેમ ફેરવી તો સરોવરની પાળે દેવબાળા સરખા અદ્ભુત રૂપવાળી એક રૂપસુંદરીને બેઠેલી જોઈ. કુબડાએ તેના નગરમાં ઘણીય સ્ત્રીઓ જોઈ હતી. પણ આવી રૂપવતી સ્ત્રી તેની નજરે કદી નહોતી પડી.

એ રૂપસુંદરી તે બીજી કોઈ જ નહીં પણ નાગકન્યા અપરાજિતા હતી. કામરૂપને જોઈ તે કહે, 'હે માનવી ? તું કોણ છે ? તારૂં નામ શું છે ?'

હજામ કહે, 'મારૂં નામ કામરૂપ. હું જાતનો હજામ છું.'

પણ તે વધારે બોલે તે પહેલાં તો અપરાજિતા તેની બેડોળ શીકલ જોઇને ખડખડાટ હસી પડી. હજામ સમજ્યો કે ભોગ મળ્યા ! ઘરના ઉઠયા વનમાં આવ્યા તો અહીં પણ આફત તો આગળની આગળ ! હજામ મુઠીઓ વાળીને નાઠો અને પોતાના નગર તરફ જતો રહ્યો.

(૩)

જે નગરમાં કુબડો હજામ રહેતો હતો તે નગરના રાજાનું નામ કેશવકાંત હતું. અપરાજિતાને ભગવાને સ્ત્રી જાતિમાં જેમ બધાથી ઉત્તમ ઘડી હતી તેમ પુરૂષજાતિનું નામ રાખવાને માટે જ ભગવાને નવરાશને વખતે ખાસ એ જુવાન રાજાને ઘડયો હતો. તેની ઉમર તો માત્ર અરાઢ—વીસ વર્ષની હતી. પણ તે રૂપ ગુણ અને શુરવીરતામાં ભલભલા ચક્રવર્તી રાજાને પણ ઝાંખો પાડી દે એવો હતો.

પણ આ રાજાના બધા સદ્ગુણોની સાથે એક મોટી ખામી તેની પ્રજાને ભારે ચિંતામાં ડુબાવતી હતી. એ રાજાને

કોઇપણ સ્ત્રી ગમે જ નહિં ! રાજાને સ્ત્રી જાતિ તરફ બહુ ભારે તિરસ્કાર હતો. અને તિરસ્કાર તે એટલો બધો કે ગમે તો સ્વર્ગની અપ્સરા તેના સામી આવીને ઉભી રહે તો પણ તે તેના સામું ઝાંખીને જુએ નહિ !

તેના બાપને સ્ત્રી જાતિનો બહુ કડવો અનુભવ મળ્યો હશે. એટલે એણે પોતાના કુમારને ખાસ કાળજી રાખીને શીખવાડેલું કે નારી નર્કની ખાણ બરાબર છે. માટે જીંદગીનું કલ્યાણ સ્ત્રીજાતિથી દૂર રહેવામાં જ છે !

કુંવરના મગજમાં આ ભૂલભરેલી વાત બરાબર ઉતરી ગઇ. તે ગાદીએ બેઠો ત્યાર પછી પણ તેના મગજમાંથી આ વાત ન ખસી. આખી જીંદગી સ્ત્રીજાતિથી દૂર જ રહેવું, અને કદી પણ પરણવું જ નહિ એવો આપણા આ જુવાન રાજાએ ઠરાવ કર્યો હતો. રાજાનાં પ્રધાનમંડળ ને બીજા અમલદારોએ રાજાનું મન ફેરવવા ઘણા ઘણા પ્રયત્નો કરી જોયા, પણ બધા નકામા નિવડ્યા.

(૪)

એક વેળા મહારાજા કેશવકાંત જંગલમાં શિકાર કરવા નીકળ્યો. તેના નગરની નજીક જ પેલું વિશાળ જંગલ આવેલું હતું. તે શિકારની શોધમાં પોતાના સાથીદારોથી વિખુટો પડી ખૂબ આગળ નીકળી ગયો ને રસ્તો ભૂલ્યો. હવે તો જવાય

ત્યાં જવું એ વગર બીજો રસ્તો જ રહ્યો નહોતો. તેણે પોતાના ઘોડાની લગામ છૂટી મૂકી દીધી.

ઘોડો જંગલમાં ગીચ ઝાડીમાં જતો જતો એક સરોવર નજીક આવ્યો. નાગકન્યા અપરાજિતા રહેતી હતી, એ જ આ સરોવર. રાજકુમારે ઘોડાને પાણી પાયું અને તેને છૂટો ચરવા મૂક્યો. તે પોતે પણ સરોવરને કાંઠે થાક ખાવા બેઠો.

એ જ અરસામાં જળમાંથી નાગકન્યા બહાર નીકળી અને સામે કાંઠે આવીને બેઠી. બન્નેની નજર એક થઈ. રાજકુમાર એ રૂપરૂપની ખાણ સરખી સુંદરીને જોતાં જ પોતાનું સાનભાન ભૂલ્યો.

આ તે સ્ફાટિકની પૂતળીમાં પરમેશ્વરે જીવ મૂકીને તેને હાલતી ચાલતી કરી હશે, કે કોઈ વનદેવી અહીં આરામ લેવા આવી હશે, એની મુઝવણમાં જુવાન રાજા પડયો.

નાગકન્યા તો કામદેવની કાંતિને પણ ઝાંખી પાડી દે એવા આ રૂપાળા રાજવીને જોતાં જ તેને વરવાનો મનમાં નિશ્ચય કરીને બેઠી. ધીમું ધીમું હસતી, પોતાની કાળી વિશાળ આંખોમાંથી નીચી નજરે રાજકુમારને જોતી તે તેની નજીક આવી.

પણ રાજકુમાર તો સ્ત્રીજાતિથી દૂર રહેવાનું શીખ્યો હતો ને? તેના બાપના પઢાવેલા પાઠ કાંઈ એકદમ વિસરાય?

તે કહે, 'તું દૂર થા. નારી તો નર્કની ખાણ છે. તારી સાથે હું વાત કરવા નથી માગતો.'

અપરાજિતા આંખો નચાવતી અને અમૃત વરસાવતી બોલીઃ—'રાજકુમાર ! નારી તો રત્નની ખાણ છે. જો નારી નર્કની ખાણ હોત તો તમારા જેવા રૂપસુંદર રાજકુમાર પૃથ્વી ઉપર કયાંથી હોત ? તમને કોઈ વેદીયા ઢોરોએ અને જગતની જંજાળથી કંટાળેલા કાયર પુરૂષે આવું ભૂત ભેરવ્યું છે. પણ ફિકર નહિ. જાઓ. આજે તો વિદાય થાઓ. પણ જરૂર એક દિવસ તમે મને મેળવવાને ગમે તે કરવા તૈયાર થવાના છો તેની મારી ખાતરી છે. તમારા પાગલ પંડિતો ને સંસારથી કંટાળેલા કાયર પુરૂષો જખ મારે છે !'

એમ બોલી રાજાના સામું જોઈ અપરાજિતા ખડખડાટ હસી પડી. નાગકન્યાના હદ વગરના રૂપ, રૂપાની ઘંટડીના રણકાર જેવી તેની મીઠી અને મોહક વાણી, અને દેવબાળા-સમી દીપતી તેની આંખોમાંથી વરસતા અમૃતથી કેશવકાંતનું મન ચગડોળે ચઢયું. આની વાત ખરી કે મારા બાપની શિખામણ ખરી ?

તે ખૂબ મુઝાયો. તેના હૈયામાં ભારે ઉથલપાથલ થવા માંડી. આખરે ઘોડા ઉપર બેસીને તે ત્યાંથી ઝપાટાબંધ પસાર થઈ ગયો. પાછા ફરીને તેણે એક વાર પણ નાગકન્યાના સામું જોયું નહિ. છતાં તેનો જીવ જાણે તે સુંદર સરોવરની પાળે

અપરાજિતાની પાસે હોય ને માત્ર તેનું ખોળીઉં એકલું જ નગરમાં પાછું જતું હોય એમ લાગ્યું.

(૫)

આ બાજુ નાગકન્યાની સ્થિતિ પણ તેવી જ હતી. રાજાનું મન શી રીતે ફેરવવું એ વિચારમાં તે ગુંચાઈ. તે તો હતી નાગકન્યા. ચાહે તે કરી શકે. તેણે એક યુક્તિ શોધી કાઢી.

તેણે સરોવરમાં ભુસકો માર્યો. છેક પાતાળમાં ગઈ. તેના બાપ નાગલોકના રાજા હતા.

નાગકન્યા તેનાં બાપને કહે, 'મને પરકાયા પ્રવેશનો મંત્ર શીખવો.'

નાગરાજાને એકની એક લાડકવાયી પુત્રી. તેની માગણી તે કેમ પૂરી ન પાડે ?

નાગરાજાએ કુંવરીને મંત્ર શીખવ્યો.

નાગકન્યા રાજી થઇ ત્યાંથી નીકળી સરોવરની પાળે પાછી આવી. વિચાર કરવા લાગી કે જો પેલો કુબડો હજામ અહીં ફરીથી આવે તો ગમત જામે, ને રાજાના મગજમાં સ્રીજાતિ માટે જે ભૂત ભરાયું છે તે પૂરેપૂરું નીકળી જાય; ને તે જરૂર મારે પગે પડતો આવે.

(૬)

કહેવત છે કે જેવી ભાવના તેવું ફળ મળે. આપણા કુબડા હજામે જ્યારથી એ કન્યાને જોઇ ત્યારથી તે તેના ઉપર મોહી પડયો હતો ! એક તો શું પણ એક હજાર મોત સામાં આવીને ખડાં થઈ જાય તો તેની પણ તેને પરવા નહોતી.

હજામ ભાઈની જાત, એટલે તેનાથી વધુ ધીરજ રાખી ન શકાઈ. એક દિવસ તે છાનોમાનો પેલા જંગલમાં સરોવરને કાંઠે જઈ એક ઝાડ તળે છુપાઇ નિરાંતે નાગકન્યાને જોવા લાગ્યો.

અચાનક અપરાજિતાએ તેને જોઈ લીધો.

કામરૂપ તો ખૂબ ગભરાયો. તેણે ધાર્યું કે હવે ઠાર મુઆ.

પણ અપરાજિતાએ તો મીઠા અવાજે હસીને તેને પોતાની પાસે બોલાવ્યો.

અપરાજિતા કહે–'કામરૂપ ! તને બધા કેમ ધુતકારે છે તે તું જાણે છે ?'

કામરૂપ–'કેમ નહિ ? મારા જેવો બદશીકલ આદમી આખા જગતમાં કોઈ પણ નહિ હોય !'

અપરાજીતા–'ત્યારે તારી ખાતરી થઇ હશે કે લોકો તને ધુતકારતા નથી પણ તારા બેડોળ શરીરને ધુતકારે છે.

હું તને એવો કીમીયો બતાવું કે તારૂં આ શરીર એકદમ રૂપરૂપના અંબાર જેવું બની જાય. કહે, તને એ પસંદ છે? તારામાં ને રાજા કેશવકાંતમાં જરાક પણ ફેર ન જણાય એવો તને બનાવી દઉં! બોલ, છે કબુલ? હું કહું એમ તારે કરવું પડશે.'

હજામ તો હરખથી નાચવા ને કુદવા મંડયો.

નાગકન્યાએ તેને પરકાયા પ્રવેશનો મંત્ર શીખવ્યો. હવે પછી શું કરવું તે સમજાવ્યું.

હરખથી ઘેલો બનેલો હજામ દોડતો દોડતો નગરમાં આવ્યો. નાગકન્યાની યુકિત કેમ અમલમાં મૂકવી તેના વિચારમાં ગુંથાયો.

૭)

આ બાજુ રાજાના મહેલમાં ભારે ગરબડ સરબડ થઈ રહી હતી. રાજા જ્યારથી નાગકન્યાને મળીને આવ્યો ત્યારથી જ જાણે ઢગલો થઈ ગયો હતો. તેને કાંઈ કામકાજ સુઝે નહિ. રાજકાજમાં ચિત્ત પરોવવાનું તો બાજુ રહ્યું પણ તેના ચિત્તનું પણ ઠેકાણું નહોતું.

મહારાજા પરણવાનો વિચાર કરતા હશે એમ ધારી પ્રધાનોએ જાતજાતના રૂપગુણવાળી તરૂણ કુમારિકાઓને

મહારાજાની પાસે રજુ કરી. પણ તેમને જોઇને તો રાજા વધુ ચીડાયો.

પ્રધાનોએ વૈદ્યો ને હકીમોને બોલાવ્યા. ભૂતપ્રેતની બાધાઓ લીધી. ધંતરમંતર જાણનારા ભુવાઓને આમંત્ર્યા. પણ રાજાની બીમારી કેમે કરી મટે જ નહિ.

રાજા તો નાગકન્યાના રૂપમાં ઘેલોતુર બની ગયો હતો. તેને કાંઈ સુઝતું જ નહોતું.

છેવટે પ્રધાનોએ નગરમાં પડો વગડાવ્યો કે, રાજાની બીમારી જે કોઈ મટાડશે તેને જોઇએ તેટલું ધન આપવામાં આવશે.

કુબડા હજામે ઢંઢેરો સાંભળ્યો. તે રાજમહેલમાં ગયો. ત્યાં જઇને કહેવા લાગ્યો કે હું રાજાની બીમારી દૂર કરીશ.

ડુબતો આદમી તણખલાને વળગે તેમ આશા જેવું લાગતું ન હતું છતાં પણ પ્રધાનોએ કુબડાને મહારાજાની પાસે જવાની રજા આપી.

રાજાએ તેની જીંદગીમાં કુબડા જેવા લજામણા બેડોળ ઘાટવાળા માણસને કદી જોયો નહોતો એટલે તેને જોતાં જ તે ખડખડાટ હસી પડયો.

પ્રધાનો સમજ્યા કે શુકન તો સારા થયા !

હજામભાઈની જાત એટલે વાતોડીયો સ્વભાવ તો ખરો. હજામ જાત જાતનાં ગપ્પાં હાંકે ને રાજાને ખુશ કરે. રાજાની તબીયત થોડીક સુધરવા લાગી.

એક દહાડો હજામ રાજાને કહેઃ 'હું તો ધારૂં તે કરી શકું. મને પર કાયા પ્રવેશનો મંત્ર આવડે છે. તેની મદદથી હું ધારૂં તેના શરીરમાં જઈ શકું ને ગમત કરી શકું.'

રાજાએ વાત માની નહિ.

હજામ કહે, 'પારખું આપું.'

રાજા કહે, 'આપ.'

હજામ કહે, 'કાલે શિકારે જવા નીકળો, ત્યાં પારખું આપું.'

રાજાએ હા પાડી.

(૮)

બીજે દિવસે થોડાક અંગરક્ષકો લઈ રાજા શિકારે જવા નીકળ્યા. ખૂબ દૂર જંગલમાં ગયા પછી રાજાએ પોતાના અંગરક્ષકોને પાછળ રાખ્યા અને કુબડા હજામને સાથે લઇને નજીકના ધાડા જંગલમાં પેઠા.

રાજા કહે, 'હવે તારો ચમત્કાર બતાવ.'

હજામ કહે, 'ઠીક.'

નજીકમાં જ એક મરેલા પોપટનું શબ પડયું હતું. બે પારધીઓએ તેને જાળમાં પકડયું હતું અને તે લઈ જવાની તૈયારી કરતા હતા. બેમાંથી એ પોપટ કોણ લે તેને માટે તેઓ લડતા હતા. એટલામાં અચાનક રાજાને આવતો જોઇને પોપટને ત્યાં જ પડતો મૂકી બન્ને જણા જીવ લઇને નાઠા.

હજામ કહે, 'મહારાજ, હવે લાગ આવ્યો છે. આ પોપટના શબમાં હું પ્રવેશ કરૂં છું. મંત્ર ભણીશ એટલે મારો જીવ મારા શરીરમાંથી નીકળી આ પોપટના ખોળીયામાં જશે. જુઓ, હવે હું મંત્ર ભણું છું.'

એમ બોલી,

यथोपदेशं भूतावेशम् ।

એ જાતના મંત્રનો તેણે જપ કર્યો.

જપ કરતાંની સાથે જ કામરૂપ હજામનું શરીર મડદા માફક જમીનપર ઢળી પડયું. પેલો મરેલો પોપટ જીવતો થયો!

કામરૂપનો જીવ પોપટના શરીરમાં પેઠો હતો!

પોપટ બોલ્યો, 'કેમ મહારાજ! જોયો મારો ચમત્કાર? કહો, મારી વાત ખરી કે નહિ? જુઓ હવે હું પાછો મારા શરીરમાં પેસું છું.'

એમ બોલી,

એ મંત્રનો તેણે જપ કર્યો.

તરત જ પોપટ પાછો મડદારૂપ બનીને જમીન ઉપર ઢળી પડયો. હજામ બેઠો થયો, અને રાજાને નમન કરીને ઉભો રહ્યો.

રાજા કહે, 'હવે મારે પરકાયા પ્રવેશનો પ્રયોગ કરવો છે.'

હજામ કહે, 'કરો. મેં કહ્યું તેમ મંત્ર બોલો.'

રાજાએ મંત્રનો જપ કર્યો એટલે તેનો જીવ તેના શરીરમાંથી નીકળીને પોપટના શરીરમાં પેઠો. રાજાનું શરીર મુડદું બનીને જમીન ઉપર ઢળી પડયું.

બરાબર તેજ વખતે હજામે જોરથી મંત્રનો જપ કર્યો અને તેનો જીવ તરત જ રાજાના ખાલી (જીવ વગરના) શરીરમાં પેસી ગયો.

પોપટના શરિરમાં પેઠેલો રાજા કહે, "લે, હવે ચાલ. તું તારા શરીરમાં પાછો જા. હું મારા શરીરમાં જાઉં."

હજામ કહે, 'મહારાજ! રામરામ! હવે તો મારા આ કુબડા શરીરમાં જ પેસીને મોજ કરો! મારા શા ભોગ લાગ્યા હોય કે હવે હું પાછો એ ગંધાતા બેડોળ શરીરમાં પેસુ?

હવે તો બંદા રાજા બન્યા છે. હવે તો પેલી સરોવરની સુંદરી અપરાજિતાને વાજતે ગાજતે પરણીશું ને મોજ કરીશું, ને આપ તે જોશો !'

હજામની લુચ્ચાઈ રાજા બરાબર સમજ્યો. પણ હવે નિરૂપાય હતો.

રાજાના શરીરમાં પેઠેલા કામરૂપનો આત્મા રાજાના ઘોડા-પર બેસી ત્યાંથી નીકળ્યો અને અંગરક્ષકોને લઇને રાજમહેલમાં ગયો.

ત્યાં જઇને તેણે સખત હુકમ કાઢ્યો કે હજામ ઘણો બેઅદબ આદમી છે. તે આવે તો કોઇએ તેને રાજમહેલમાં પેસવા દેવો નહિ !

(૯)

આ બાજુ પોપટના શરીરમાં પેઠેલા રાજાએ વિચાર કર્યો કે પોપટના ખોળીયામાં રહેવું તેના કરતાં તો ખરાબ તો ય માણસનું ખોળીયું સારૂં. એમ વિચારી તેણે હજામના શરીરમાં પ્રવેશ કર્યો.

મહા મુશિબતે તે પોતાના નગરમાં પહોંચ્યો, અને રાજમહેલમાં પેસવા ગયો.

પણ તેને પેસવા દે કોણ? પહેરેગીરોએ ધક્કા મારીને કાઢી મૂક્યો !

રાજા કહે, 'અરે! પણ હું તમારો રાજા છુ! તમો નહિ માનો તો તમને સખત સજા કરીશ.'

હજામના શરીરમાં રહેલા રાજાના આત્માને કોણ ઓળખે?

પહેરેગીરોએ તો આ કુબડો હજામ ગાંડો બની ગયો છે એમ ધારી તેને સારી રીતે ખોખરો કરી તેનાં હાડકાં કુચ્ચરઘાણ કરી નાંખી ગામની બહાર હાંકી મૂકયો.

ક્રોધ, તિરસ્કાર અને મારના ત્રાસથી દુઃખી થએલો રાજા હવે શું કરવું તે સમજી ન શકયો. અંતે તેને અપરાજિતા યાદ આવી. ધીમે ધીમે બીજે દિવસે જંગલમાં પેલાં સરોવર પાસે ગયો, અને નાગકન્યાને મળ્યો.

નાગકન્યા સમજી ગઈ કે મારી યુક્તિ પાર પડી છે. આ બદશીકલ હજામના શરીરમાં આવનાર રાજા જ છે. તે બહારથી મ્હોં ઠાવકું રાખી બોલીઃ 'અલ્યા હજામ! નીકળ અહીંથી. અહીં કેમ આવ્યો છે?'

રાજાએ બધી વાત માંડીને કહી.

નાગકન્યા કહે—'કેમ લાલાજી? નારી તો નર્કની ખાણ બરાબર છે ને? હવે જાઓ તમારા પંડિતો ને વેદીયા ઢોરો પાસે. તે તમને રસ્તો બતાવશે. અહીં કેમ આવ્યા છો?'

નાગકન્યાને પગે પડતો રાજા કરગરીને બોલ્યો, 'સુંદરી! મારી ભૂલ થઈ. મને માફ કર. આવી કોમળ કાયામાં દયા ન હોય તો બીજે ક્યાં હશે ? જ્યારથી મેં તને જોઈ છે ત્યારથી હું ગાંડો બની ગયો છું. મારી વિપત્તિની શરૂઆત પણ ત્યારથી જ થઈ છે. હવે તો તું આ આફતમાંથી ઉગારે ત્યારે. નારી નર્કની ખાણ નહિ પણ રત્નની ખાણ છે એની હવે મારી ખાતરી થઈ ગઈ છે. હું તારે શરણે છું.'

નાગકન્યાની જીત થઈ હતી. તેનું મ્હોં હસુ હસુ થઈ જતું હતું. મહા મહેનતે તે ઠાવકું મ્હોં રાખીને બોલી, 'રાજા! તમારી વાત ખરી છે. તમને હું હમણાં જ રસ્તો બતાવું છું. જુઓ, દૂરથી પેલો રાજા બનેલો હજામ આવતો જણાય છે. તમને સખત ચેતવણી આપું છું કે મારી અને એ હજામડાની વચ્ચે જે પણ વાત થાય તે તમારે સાંભળ્યા કરવી. જરાક પણ ઉશ્કેરાઇ જવું નહિ. જો સહેજ પણ સણસણશો અને તમારી હાજરીની સહેજ પણ ખબર એ હજામને પડી જશે તો તમારી જીંદગી બરબાદ થઈ જશે. તમે પેલા ઝાડ ઉપર ચઢી જાઓ, ને સંતાઇને જે થાય તે જોયા કરો. તમારો લાગ આવે એટલે હું સૂચના કરીશ. તમે તેનો તરત અમલ કરજો.'

રાજા ઝાડ ઉપર ચડીને સંતાઈ ગયો. હજામ રાજાના વેશે નજીક આવ્યો.

(૧૧)

નાગકન્યાએ સરોવરના જળમાં ડુબકી મારી અને એક મોટી ચાંદીની હીરા માણેકથી મઢેલી મરેલી માછલી કિનારા ઉપર આણી.

માછલીના માથાપર ઉંધું મ્હોં રાખી નાગકન્યા જોરથી વિલાપ કરવા લાગી.

રાજા બનેલો હજામ ત્યાં આવી પહોંચ્યો.

અપરાજિતાને રડતી જોઇ તેના અંતરમાં આગ સળગી. તે નાગકન્યાને બોલાવવાને બહુ પ્રયત્ન કરવા લાગ્યો. પણ નાગકન્યા તો પોતાની માછલીના મરણ માટે છાતી ફાટી જાય એવું રૂદન કરી રહી હતી.

પત્થરના કાળજાંવાળા આદમીઓનાં હૈયાં પણ વલોવાઈ જાય એવા દયાજનક અવાજે નાગકન્યા વિલાપ કરવા લાગીઃ

મારૂં હૈયું બહુ અકળાય,
જીવન ઝોલાં ખાય, કહે હવે શું કરૂં !
મારી માછલી, રે મારી માછલી!
વ્હાલી તારા વિના જીવ જાય,
હવે ન રહેવાય, કહે હવે શું કરૂં ?
બહેની ! સાથે જીવ્યાં મરશું સાથમાં,
હવે જીવીને લેવી શી લ્હાણ ?
કરૂં મારી હાણ, હવે જીવી શું કરૂં ?

એમ બોલી, આંખમાંથી શ્રાવણ ભાદરવો વરસાવતી નાગકન્યાએ પોતાના ચોટલાના વાળ છૂટા મૂકી દીધા અને તે વતી પોતાના ગળાની આજુબાજુ ફાંસો ઘાલ્યો. નાગકન્યાએ મરી જવાની તૈયારી કરી.

રાજાના શરીરમાં પેઠેલો હજામ તો આ બનાવ જોઈને ગભરાઈ જ ગયો. તેની ખાતરી થઈ કે અપરાજિતા હમણાં જ મરી જશે. હવે આપણે તો તેને પરણી જ રહ્યા !

તે બૂમ પાડીને બોલ્યો,—'ઓ અપરાજિતા ! તું ના રડ. અરે ! તને રડતી જોઇને મારો જીવ બળીને ખાખ થઈ જાય છે. તારી એ માછલીથી પણ હજારો ઘણી રૂપાળી માછલી હું તને અપાવીશ. અપરાજિતા ! આમ ગાંડાં કાઢીશ નહિ. ચાલ મારી સાથે મહેલમાં. તને ત્યાં જોઇએ તેવી માછલીઓ આણી આપીશ.'

આખમાંથી નીતરતાં આંસુ સાથે નાગકન્યા બોલીઃ— 'મારી માછલી મરી ગઈ. હવે મારાથી કેમ અવાય ? હવે તો મારે મરી જ જવું જોઇશે.'

હજામ કહે,—'તું ન મરીશ, મારી લાડકી ! તારી માછલી ખાતર તું કહે તે કરૂં પણ તું ન મરીશ ! તું હવે મારા મહેલમાં ચાલ. તને મારી રાણી બનાવીશ. તને એવી તો અમન ચમનમાં રાખીશ કે તું આ માછલીની વાત જ ભૂલી જઈશ.'

નાગકન્યા કહે, 'ખરી વાત ? ત્યારે તો હું આવું. પણ ના, મારે તો નથી આવવું. જો મારી માછલી માત્ર મને એટલું જ કહે કે રાજા સાથે જા, તો જ હું તો આવું.'

હજામ નાગકન્યાને જેમ જેમ વધારે વાર જોતો તેમ તેમ તેના રૂપપર તે વધારે વધારે દિવાનો બનતો હતો. તેની બુદ્ધિ અત્યારે બહેર મારી ગઈ હતી.

તે બોલ્યો, 'જો માછલી હા કહે તો તું મારી સાથે લગ્ન કરીશ ખરી ? વચન આપ.'

નાગકન્યા કહે,—'મારૂં વચન છે કે જો માછલી કહે કે તું રાજા સાથે લગ્ન કર તો હું જરૂર તેમ કરીશ.'

(૧૨)

હજામને પરકાયા પ્રવેશનો મંત્ર તો આવડતો હતો. તેણે મંત્રનો જપ કર્યો અને માછલીના શરીરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરીને તે બોલ્યો—'હે નાગકન્યા ! તું જરૂર રાજાની સાથે પરણજે. તું સુખી થઈશ.'

બરાબર તે જ વખતે નાગકન્યાએ જોરથી તાળી પાડી. હજામના ખોળીયામાં રહેલો રાજા તેનો મર્મ સમજ્યો. તેણે પરકાયા પ્રવેશના મંત્રનો જપ કર્યો ને એકદમ રાજાના (પોતાના) જીવ વગરના શરીરમાં પ્રવેશ કર્યો ! હજામભાઇનું શરીર શબરૂપ બનીને ઝાડપરથી ધબાક લઇને નીચે ઢળી પડયું.

તરત જ નાગકન્યા ઉઠીને રાજાને જઈને ભેટી પડી. આખરે નાગકન્યા અને રાજા એકઠાં થયાં. રાજાનો ગર્વ ગળી ગયો હતો. તેણે અપરાજિતાને તે જ વખતે રાજમહેલમાં લઈ જવા પોતાનાં ઘોડા ઉપર બેસાડી દીધી.

અને પેલા હજામડાનું શું થયું એ તમારે જાણવું છે ને ? રાજા તો એની બદમાસી માટે એને ઠાર મારી નાખવા તૈયાર થયો હતો. પણ નાગકન્યાએ વચ્ચે પડી તેને બચાવી લીધો.

હજામના આત્માએ માછલીના દેહમાં રહેવાના કરતાં કુબડો ને વરવો તોય પોતાનો દેહ સારો એમ વિચારી તેમાં જ પ્રવેશ કર્યો.

આખરે હજામ તે હજામ જ રહ્યો અને રાજા પોતાના મૂળ સ્વરૂપને પામી નાગકન્યાને લઈ નગરમાં ગયો.

નાગકન્યા અપરાજિતા અને મહારાજા કેશવકાંતનાં લગ્ન ભારે ધામધુમથી થયાં. આખા નગરમાં આનંદ આનંદ થઈ રહ્યો. રાજા પરણ્યો એટલે આખી પ્રજા આનંદ પામી.

સમાપ્ત

"સરોવરની સુંદરી" માટે

વર્તમાનપત્રોના અભિપ્રાયો

"× × A very small booklet, retelling in the author's words the story by Prof. Bain of "Livery of Eve" in simple style suitable for children. × ×" "MODERN REVIEW."

× × × ×

"× × બાળકોને ગમે એવી શૈલીમાં લખાયો છે." સાહિત્ય

× × × ×

"× × આ જાતનાં પુસ્તકો લખાવાં આવશ્યક છે." પુસ્તકાલય

× × × ×

"× × વાર્તા બાળકોને રસ પડે તેવી સાદી અને સરળ ભાષામાં લખાઈ છે. × ×" "ગુજરાતી"

× × × ×

"× × બાળકોને ગમે એવી છે, અને તેમાં એક સુંદર ચિત્ર પણ આપ્યું છે. × ×" "ગુજરાતી પંચ"

× × × ×

'બાળકો વાંચી શકે અને તેમના મગજ અને ચિત્તને વિનોદ અને આનંદ પીરસી શકે તે હેતુથી લખાયલી આ ચોપડીનો હેતુ ફલિભૂત થયો છે. બાલમાનસના કુતૂહલને પોષે તેવું વસ્તુ, ભાષા બાલહૃદય ઉકેલી શકે તેવી, શૈલી શિશુમગજમાં કોતરાઈ રહે તેવી હોવાથી આ સાહિત્ય પંદરેક વર્ષના કુમારની સાહિત્યપિપાસા તૃપ્ત કરે તેવું બન્યું છે."

"નૂતન ગુજરાત"

× × × ×

"× × માત્ર નાનાં બાળકોને અદ્દભુત વાર્તાનાં રસીઆં કુમાર કુમારીઓને માટે આ વાર્તા તૈયાર કરવામાં આવી છે.–ભાઈ રમણલાલ ભાષાની સરળતા છતાં સચોટતા એકધારી સાચવી રાખે છે. × × આ પુસ્તક દરેક કુમાર કુમારીને ભેટ આપવા યોગ્ય છે એમ અમને લાગે છે. × ×" "ગુજરાત"

'બાલજીવન'ના તંત્રીએ તૈયાર કરેલાં

સુંદર-સચિત્ર બાલોપયોગી પુસ્તકો

(૧)	સરોવરની સુંદરી ...	... ૦—૨—૦
(૨)	આનંદકુંજ ભાગ ૧	... ૦—૮—૦
(૩)	બિલ્લોરી પહાડ ...	... ૦—૩—૦
(૪)	પા-પા પગલી ...	... ૦—૬—૦
(૫)	ફુલમાળા ભાગ ૧ ...	... ૦-૧૨-૦
(૬)	ફુલમાળા ભાગ ૨ ...	... ૦-૧૨-૦
(૭)	હંસરાણી	... ૦—૮—૦
(૮)	બાલહાસ્ય... ...	... ૦—૯—૦
(૯)	બાળકોની રંગભૂમિ...	... ૦-૧૨-૦
(૧૦)	દેશદેશની દંતકથાઓ	... ૦—૮—૦
(૧૧)	દેશદેશની વીરકથાઓ	... ૦-૧૨-૦
(૧૨)	રણચંડી	... ૦—૨—૦
(૧૩)	આનંદધારા ભાગ ૧	... ૦—૬—૦
(૧૪)	આનંદધારા ભાગ ૨	... ૦—૭—૦
(૧૫)	આનંદધારા ભાગ ૩	... ૦—૮—૦
(૧૬)	આનંદધારા ભાગ ૪	... ૦—૮—૦
(૧૭)	પ્રધાનપુત્રીનાં પરાક્રમો	... ૦-૧૦-૦
(૧૮)	મીનીમાશી ...	... ૦—૬—૦
(૧૯)	વાર્તાગાડી... ...	... ૦—૪—૦
(૨૦)	જગતનાં જવાંમર્દો ...	... ૦—૭—૦
(૨૧)	અરબસ્તાની આનંદરજની	... ૧—૪—૦
(૨૨)	સાચો સિપાઇ ...	... ૦—૩—૬

મેસર્સ કસનદાસ નારણદાસ એન્ડ સન્સ-નાણાવટ-સુર

મેસર્સ એન. ડી. મહેતાની કું. બુકસેલર-મુંબ

બાલજીવન કાર્યાલય—બાજવાડા—વડોદરા

મુંબાઇ-અમદાવાદ-ભાવનગર-બધેથી મળશે.